Friday
03.10.2025
*Volume :10 * Issue No.84
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત   વંદે માતરમ્

કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીની જન્મજયંતી નિમિત્તે પોરબંદર કિર્તી મંદિર ખાતે પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પી

મહાત્મા ગાંધીજીએ સૂતરના તાંતણે ખાદી અને સ્વદેશીથી આઝાદ ભારત માટેની પીઠિકા ઘડીને આઝાદી અપાવી

પ્રાર્થના સભામાં ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા સહિતના સંતો, અધિકારીઓ પદાધિકારીઓ અને પ્રબુદ્ધ નાગરિકોની ઉપસ્થિતિ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વદેશીથી આત્મનિર્ભરતા અને સમૃદ્ધિનો મંત્ર 'વોકલ ફોર લોકલ' થી આત્મસાત કરીને વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણની પ્રેરણા આપી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોરબંદર કિર્તિ મંદિર ખાતે પ્રવાસીઓને કીર્તિ મંદિર અને મહાત્મા ગાંધીજીના જીવન વિશે માહિતી મળે તે માટે ક્યુ આર કોડનું વિમોચન કર્યુ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે તેમના જન્મસ્થળ પોરબંદર કિર્તીમંદિર ખાતે પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને પ્રાર્થનાસભામાં સહભાગી થયાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ પૂજ્ય બાપુને શ્રદ્ધાસુમન અર્પણ કરતા કહ્યુ કે, મહાત્મા ગાંધીજીએ સૂતરના તાંતણે ખાદી અને સ્વદેશીથી આઝાદ ભારત માટેની પીઠિકા ઘડીને આઝાદી અપાવી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વદેશીથી આત્મનિર્ભરતા અને સમૃદ્ધિનો મંત્ર 'વોકલ ફોર લોકલ'થી આત્મસાત કરીને વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ પ્રેરણા આપી છે. મુખ્યમંત્રીશ્રીએ અસત્ય પર સત્યના પર્વ વિજયાદશમીની શુભકામનાઓ પાઠવી હતી અને પૂજ્ય બાપુની દિવ્ય ચેતનાને વંદન કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીને યાદ કરતા જ આપણી નજર સમક્ષ એક સેવાભાવી સંત, અહિંસાના ઉપાસક અને વિશ્વમાનવનું ચિત્ર ઉપસી આવે છે. પોરબંદરની આ માટીમાંથી જન્મેલા મોહનદાસ ગાંધીજી આજે સાબરમતિના સંત અને અહિંસાના પૂજારી તરીકે સમગ્ર વિશ્વમાં પૂજાય છે. મુખ્યમંત્રીશ્રીએ અહિંસાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતુ કે, અહિંસાએ નમ્રતાની પરાકાષ્ઠા છે. નમ્રતા વગર મુક્તિ કોઈકાળે શક્ય નથી. પૂજ્ય બાપુએ ગરીબ અને ગામડાના નાગરિકોના ઉત્થાન માટેની અહાલેક જગાવી હતી. એ યાત્રાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરાજયમાં પલટાવી ગરીબ, વંચિત, પીડિત શોષિતના કલ્યાણના ધ્યેય સાથે સુશાસન સાથે આગળ ધપાવી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પૂજ્ય બાપુએ આપેલા સ્વચ્છતાના વિચારને સાર્થક કરવા વિશ્વનેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાતે જ હાથમાં ઝાડૂ લઈને સફાઈને જનઆંદોલન બનાવ્યું છે અને દેશ અને દુનિયામાં એક દાખલો બેસાડ્યો છે. સ્વચ્છ ભારત મિશનથી નાના બાળકોથી લઈને વડીલો સૌ સ્વચ્છાગ્રહી બન્યા છે. ગરીબ, વંચિત અને છેવાડાના માનવી સુધી સુખ-સુવિધા પહોંચાડવાની નેમ અને વિકાસ સાથે પૂજ્ય બાપુએ જોયેલું સપનું આજે સાકાર થઈ રહ્યુ છે. વડાપ્રધાનશ્રીએ વોકલ ફોર લોકલ નો સંકલ્પ કર્યો છે અને સ્વદેશી ચળવળ થકી ખાદીના ઉત્પાદન અને વેચાણ થકી ચારથી પાંચ ગણો વધારો થયો છે મોટા પાયે રોજગારીનું પણ નિર્માણ થયું છે તેમ તેમણે ઉમેર્યુ હતું. હવે આપણાં ઉદ્યોગો વોકલ ફોર લોકલ અને સ્વદેશી અપનાવીને 'આત્મનિર્ભર ભારત, સમૃદ્ધ ભારત'માં સહયોગી બને તે માટે તાજેતરમાં વડાપ્રધાનશ્રીએ નેક્સ્ટ જનરેશન જી.એસ.ટી રિફોર્મ્સની ભેટ આપીછે. આ ભેટ જનજનના બચત ઉત્સવની સાથે દેશના વિકાસ માટે સ્વદેશીને વેગ આપશે. જે પ્રકારે સ્વરાજ્ય માટે સ્વદેશીનો આગ્રહ તે પ્રકારે 'સમૃદ્ધ ભારત, આત્મનિર્ભર ભારત'ને સાર્થક બનાવવા સ્વદેશીને અપનાવવા આજના દિવસે સંકલ્પ કરી સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા મુખ્યમંત્રીશ્રીએ આહ્વાન કર્યુ હતું. સ્વદેશીની સાથે સાથે જ મોબાઈલ એ માહિતી અને સેવા મેળવવાનું અગત્યનું માધ્યમ છે, એવી આધુનિકીકરણની વાત રજૂ કરતા મુખ્યમંત્રીશ્રીએ કિર્તીમંદિર ખાતે પૂજ્ય બાપુના જન્મસ્થળની માહિતી આવરી લેતા ક્યૂઆર કોડના માધ્યમથી પ્રવાસીઓને સરળતાથી સ્થાપત્ય અને બાપુના જીવન કવન વિશે આંગળીઓના ટેરવે માહિતી મળશે એ સુવિધાની વાત રજૂ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, દેશને ગુલામીમાંથી મુક્તિ અપાવવા પૂજ્ય બાપુના નેતૃત્વમાં ૧૯૪૭માં આપણને આઝાદી મળી હવે ૨૦૪૭માં આઝાદીની શતાબ્દિ સાથે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની અમૂલ્ય તક આપણને મળી છે. ૨૦૪૭ સુધી આ અમૃતકાળની યાત્રાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં આપણે આત્મનિર્ભરતા, ગરીબ કલ્યાણ, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના વિચાર સાથે આગળ વધારીએ. મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને હૃદયમાં પ્રેમ, જીવનમાં અહિંસા, સમાજમાં સમરસતા અને રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે કર્તવ્યરત રહેવા અનુરોધ કર્યો હતો. જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે પોરબંદરની ભૂમિ પ્રખ્યાત છે – એક ચક્રધારી મોહન એટલે ભગવાન શ્રીકૃષ્ણના સખા સુદામાથી અને અને બીજા મોહન એટલે ચરખાધારી રાષ્ટ્રપિતા પૂજ્ય બાપુની ભૂમિથી. મંત્રી શ્રી એ કહ્યું કે, ગાંધીજીની આ ભૂમિ આપણને હકારાત્મક સંવેદનાઓનો અનુભવ કરાવે છે. પૂજ્ય બાપુ સ્વચ્છતા અને સ્વદેશીના આગ્રહી હતા. તેમની આ સ્વદેશી અને સ્વચ્છતા પહેલને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગળ વધારી છે, જેનાથી દેશ આત્મનિર્ભર અને સમૃદ્ધ બનશે. વધુમાં, તેમણે 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના સૂત્ર સાથે આગળ વધવા અપીલ કરી હતી અને પૂજ્ય બાપુ જન્મજયંતિ તથા લાલ બહાદુર શાસ્ત્રી જન્મજયંતિની શુભકામનાઓ પાઠવી હતી. પ્રાર્થનાસભાના સમાપન બાદ મુખ્યમંત્રીશ્રીએ પરિસરના 'સંગ્રહ સ્થાન' ખાદી ગ્રામોદ્યોગમાંથી ખાદીની ખરીદી કરી હતી અને કિર્તીમંદિર સંચાલન સમિતિ દ્વારા તૈયાર કરાયેલા 'પરિવારના મોભીનો વૈભવી ઈતિહાસ' ક્યૂઆર કોડનું અનાવરણ કર્યુ હતું. આ ક્યૂઆર કોડની મદદથી કિર્તીમંદિરની મુલાકાતે આવતા પ્રવાસીઓને ગાંધીજીના જન્મસ્થળ તથા કિર્તીમંદિર સ્મારકના અગત્યના ભાગોની ખાસિયતો વિશે હિંદી, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં ઓડિયો તેમજ લખાણના સ્વરૂપે માહિતી ઉપલબ્ધ થશે. પૂજ્ય બાપુના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાની સાથેજ મુખ્યમંત્રીશ્રીએ કસ્તૂરબા ધામની પણ પ્રથમ વખત મુલાકાત લીધી હતી અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતાં. મૌલિકભાઈ અને ગાયન વૃંદ દ્વારા 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ....' સહિતના ભક્તિ ભજનની સરવાણીના માધ્યમથી પૂજ્ય બાપુને સ્મરણાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન નીરવ જોશી એ કર્યું હતું. સર્વધર્મ પ્રાર્થનાસભામાં ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરબતભાઈ પરમાર, ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, કલેક્ટર શ્રી એસ.ડી.ધાનાણી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.બી.ચૌધરી, મ્યુનિસિપલ કમિશનર શ્રી હસમુખ પ્રજાપતિ, રેન્જ આઈજી શ્રી નિલેશ જાજડિયા, રિયર એડમિરલ શ્રી સતિષ વાસુદેવ, જિલ્લા પોલીસવડા શ્રી ભગીરથસિંહ જાડેજા, પૂર્વ મંત્રી





શ્રી બાબુભાઈ બોખીરિયા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ડૉ.ચેતનાબહેન તિવારી, પોરબંદર શહેર ભાજપ પ્રમુખ શ્રી સાગરભાઈ મોદી, સહિત અધિકારીઓ-પદાધિકારીઓ અને નગરજનોએ ઉપસ્થિત રહી પૂજ્ય ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીએ ખેડૂતોને ઉત્સાહપૂર્વક આવકારી ધરામૃત વિશે જણાવ્યું હતું કે, પહેલા બનતી દવાઓમાં તત્વોની શેલ્ફ લાઈફ ઓછી હતી. દવાઓની અસરકારકતામાં સમયાંતરે ફેર પડતો હતો. ઘણીવાર દવાનું દ્રાવણ નીચે અને ઉપર આસ રહેતા ખેડૂતોને દવાના વપરાશમાં પણ મુશ્કેલી રહેતી હતી, ત્યારે હવે કેળમાંથી નીકળતા રસમાંથી કોલાઇડલ ટેકનોલોજીથી બનાવવામાં આવેલું ધરામૃત સંપૂર્ણ પ્રાકૃતિક હોવા સાથે ત્રણ વર્ષ સુધી તમામ તત્વોની અસરકારકતા જાળવી રાખશે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ઈફકો દ્વારા નિર્મિત ધરામૃત જૈવિક દ્રાવણનું અનાવરણ કરાયું

લેબ થી લેન્ડ સુધીની કૃષિ મહોત્સવની કડી ઇફકોના માધ્યમથી પૂરી થઈ છેઃ સાંસદ શ્રી પરસોતમ રૂપાલા



કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

- નેનો ટેકનોલોજીથી નિર્મિત ધરામૃત સંપૂર્ણ સ્વદેશી ખાતર, પ્રાકૃતિક ખાતરથી જમીનની ફળદ્રુપતા વધવા સાથે પર્યાવરણને પણ ફાયદો
- વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવ માટે ખેડૂતોની સમૃદ્ધિ અને દેશની આત્મનિર્ભરતા પ્રથમ આવશ્યકતા છે
- કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન, ટેકાના ભાવે ખરીદી, લાઈટબીલમાં સબસીડી, પાક ધિરાણમાં ૦% વ્યાજ વગેરે ખેડૂતોની આર્થિક ઉન્નતિ તરફના પગલાંઓ

કમલમ્, ગાંધીનગર

કૃષિ અને ગ્રામગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં અડાલજ ખાતે ઈફકો દ્વારા નિર્મિત પ્રાકૃતિક દ્રાવણ "ધરામૃત"નો અનાવરણ સમારોહ યોજાયો હતો. મંત્રીશ્રીએ સંપૂર્ણ સ્વદેશી ખાતર ધરામૃતનું અનાવરણ કરતા કહ્યું હતુ કે, પ્રાકૃતિક વસ્તુઓથી નિર્મિત આ ખાતર જમીનની ફળદ્રુપતા વધારશે અને પર્યાવરણને પણ ફાયદો થશે. લાંબા સંશોધનો અને વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ નવી ટેકનોલોજીના ઉપયોગથી તૈયાર કરવામાં આવેલ આ ખાતર ખેડૂતોની સમૃદ્ધિ વધારવામાં મદદરૂપ બનશે. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલા વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે ખેડૂતોની સમૃદ્ધિ અને દેશની આત્મનિર્ભરતા પ્રથમ આવશ્યકતા છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલી બનાવી ખેડૂતોને તમામ સ્તરે મદદરૂપ બનવામાં આવી રહ્યું છે. ખેતીમાં મજૂરોની અછત દૂર કરવા રાજ્ય સરકાર દ્વારા કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, જે માટે બજેટમાં ૧૪૦૦ કરોડથી વધુની રકમની ફાળવણી કરવામાં આવી છે. આ સાથે જ કુદરતી આફતો દરમ્યાન પાકના નુકસાન સમયે રાજ્ય સરકાર દ્વારા સહાય, ઉત્પાદિત જણસીના પોષણક્ષમ ભાવો મળે તે માટે ટેકાના ભાવે ખરીદી, ખેડૂતોને પાક ધિરાણમાં ૦% વ્યાજ વગેરે ખેડૂતોની આર્થિક ઉન્નતિ તરફના રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંઓ છે. કેબિનેટ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ખેતીમાં વપરાતી વીજળીના બિલમાં પણ ખેડૂતોને મોટી સબસીડી આપવામાં આવે છે, જે અંતર્ગત ૧૨ હજાર કરોડની રકમ ખેડૂતોના લાઈટ બિલની સબસીડીરૂપે અપાઈ છે અને નવા કનેક્શન માટે પણ તાત્કાલિક મંજૂરી મળે તેવું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આજે ગુજરાત બાગાયત અને તેલીબિયાના વિવિધ પાકોમાં રાષ્ટ્રીય સ્તરે મોખરે છે. ખેડૂતોને અકસ્માત સમયે સરકાર દ્વારા ૪ લાખના વિમા નીસહાય આપવામાં આવે છે. આમ રાજ્યસરકાર ખેતી અને ખેડૂતોને સમૃદ્ધ બનાવવા કટિબદ્ધ છે. આ સાથે મંત્રીશ્રીએ ખેડૂતોને ધરામૃત પ્રાકૃતિક ખાતરનો ઉપયોગ કરવા અને આ નવા સાહસના સફળ બનવાથી કૃષિ વિકાસમાં એક નવું આયામ ઉમેરાશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે રાજકોટના સાંસદ શ્રી પરષોત્તમ રૂપાલાએ ધરામૃતને છોડના બેલેન્સ ફૂડ સમાન જણાવી કહ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો ખેતીમાં થયેલી ક્રાંતિકારી યાત્રાના સાક્ષી બન્યાં છે. જેમ મનુષ્યને તમામ પોષકતત્વોની પૂર્તિ માટે એક બેલેન્સ ફૂડ લેવું જરૂરી છે તેવી જ રીતે છોડ માટે ધરામૃતમા તમામ પોષક તત્વો છે. ખેડૂતોએ પાકને શું જરૂર છે તે પ્રમાણે પાકને જરૂરી વસ્તુઓ આપવી જોઈએ તેના પર ભાર મૂકી સાંસદશ્રી ઉમેર્યુ હતું કે, ખેડૂતોએ પાકને જરૂરી તેટલા જ પાણીનો ડ્રીપ દ્વારા ઉપયોગ કરવો જોઈએ અને નવી ટેકનોલોજી સાથે આવતા પરિવર્તનોનો સ્વીકાર કરી તેનો ખેતીમાં વિશેષ ઉપયોગ કરવો જોઈએ. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય સ્તરે પ્રાકૃતિક ખેતી માટે આહલેક જગાવી છે ત્યારે પ્રાકૃતિક તત્વોથી બનેલું આ ખાતર ધરા એટલે કે જમીન માટે ખરા અર્થમાં અમૃત બનશે તથા આગામી સમયમાં ભારતના વૈજ્ઞાનિકો દ્વારા બનાવવામાં આવેલ ઉત્પાદન સમગ્ર વિશ્વના ખેડૂતોને માટે ઉપકારક બને તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી. તેમણે ખેડૂતોને તેમની સમસ્યાઓ પર ટેકનોલોજીના સહારાથી વિજય મેળવી સમૃદ્ધિ તરફ પગરણ માંડવા શુભકામનાઓ પાઠવી હતી. લેબ થી લેન્ડની કૃષિ મહોત્સવની કડી ઈફકોના માધ્યમથી આજે પૂરી થઈ છે તેમ જણાવી સાંસદશ્રીએ છોડ માટે નાની ચીજોના ઉપયોગ તથા મહત્વ વિશે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, એક સમયે અનાજ આયાત કરતું ભારત આજે અનાજ માટે આત્મનિર્ભર છે જ સાથે જ તે અનાજની નિકાસ પણ કરી રહ્યું છે, જે ટેકનોલોજીના ક્રાંતિકારી પરિણામો છે. વળી બજારમાં આવતા અનેક નકલી કૃષિ ઉત્પાદનો વિશે પણ તેમણે ખેડૂતોને સાવચેત કર્યા હતા તેમજ કોઈપણ સંશય સમયે કૃષિ હેલ્પલાઈન કે કૃષિ વિભાગના અધિકારીઓનો સંપર્ક કરી ખાતર, દવા વિશે જાણકારી મેળવવી જોઈએ તેમ કહ્યું હતું. ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીએ ખેડૂતોને ઉત્સાહપૂર્વક આવકારી ધરામૃત વિશે જણાવ્યું હતું કે, પહેલા બનતી દવાઓમાં તત્વોની શેલ્ફ લાઈફ ઓછી હતી. દવાઓની અસરકારકતામાં સમયાંતરે ફેર પડતો હતો. ઘણીવાર દવાનું દ્રાવણ નીચે અને ઉપર આસ રહેતા ખેડૂતોને દવાના વપરાશમાં પણ મુશ્કેલી રહેતી હતી, ત્યારે હવે કેળમાંથી નીકળતા રસમાંથી કોલાઈડલ ટેકનોલોજીથી બનાવવામાં આવેલું ધરામૃત સંપૂર્ણ પ્રાકૃતિક હોવા સાથે ત્રણ વર્ષ સુધી તમામ તત્વોની અસરકારકતા જાળવી રાખશે. સમારોહમાં ઈફકોના સ્ટેટ માર્કેટિંગ ચેરમેન શ્રી એમ.એમ.ગજેરાએ સ્વાગત ઉદ્બોધન કર્યું હતું, સાથે જ કૃષિ વૈજ્ઞાનિક ડૉ.લક્ષ્મણને ધરામૃત ઉત્પાદન વિશે સવિસ્તૃત જાણકારી આપી હતી. અનાવરણ સમારોહમાં ઈફકોના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી કે.જે.પટેલ, માર્કેટિંગ ડાયરેક્ટર શ્રી યોગેન્દ્રકુમાર, શ્રી ભાવેશ રાદડિયા, શ્રી દિનેશ શુકલા તથા બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે તા. ૩ અને ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ 'જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન' ઉપર બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને તેમજ કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં આવતીકાલે તા. ૩ ઓક્ટોબરના રોજ સવારે ૯:૦૦ કલાકે આ રાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ગુજરાત સરકાર, કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ અને જમીન સંસાધન મંત્રાલય (DoLR) અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (GSDMA) દ્વારા સંયુક્ત રીતે આયોજિત રાષ્ટ્રીય સંમેલનમાં રાજ્યના મુખ્ય સચિવશ્રી પંકજ જોષી, કેન્દ્રસરકારના જમીન સંસાધન વિભાગના સચિવ શ્રી મનોજ જોષી સહિત દેશભરના વિવિધ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના મહેસૂલી અને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ સહભાગી બનીને વિચાર વિમર્શ કરશે. હર ઘર સ્વદેશી-ઘર ઘર સ્વદેશીના મંત્ર સાથે આ બે દિવસીય સંમેલનમાં ભૂમિ રેકોર્ડનું આધુનિકીકરણ, નવી ટેકનોલોજીનો ઉપયોગ અને નાગરિકોને બહેતર સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે તજજ્ઞો દ્વારા અધિકારી-કર્મચારીઓને વિસ્તૃતમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ ઉપરાંત નવી રેવન્યુ ઓફિસો-રહેઠાણોનું ઉદ્ઘાટન, નવી યોજનાઓનું પ્રદર્શન, રેવન્યુ ડાયરીનું વિમોચન, સેન્ટર ઓફ એક્સેલન્સ-CoEs માટે શૈક્ષણિક સંસ્થાઓ સાથે સેપર હસ્તાક્ષર તેમજ વિચરતી જાતિઓના પરિવારોને SVAMITVA કાર્ડ, સુરક્ષા કિટ અને રહેણાંક પ્લોટની સનદનું વિતરણ કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં નાગરિક કેન્દ્રિત શાસન માટે મહેસૂલ કાયદાઓનું આધુનિકીકરણ, જમીન રેકોર્ડ અને નોંધણી પ્રણાલીઓનું અપગ્રેડેશન, શહેરી જમીન રેકોર્ડનું નિર્માણ અને અપડેટિંગ, મહેસૂલ કોર્ટ કેસો-પ્રક્રિયા પુનઃએન્જિનિયરિંગ, પુનર્સર્વેક્ષણ પ્રયાસો અને જમીન સંપાદન, આપત્તિ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠ કામગીરી, આધુનિક જમીન વહીવટ માટે માનવ સંસાધન આયોજન જેવા વિવિધ વિષયો પર મહાનુભાવો દ્વારા પેનલ ડિસ્કશન કરવામાં આવશે.

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પ્રવિણાબેન રંગાણીના અધ્યક્ષસ્થાને ગોંડલ ખાતે ''પા પા પગલી'' પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ જિલ્લા કક્ષાનો ભૂલકા મેળો યોજાયો

માતા યશોદા, ટી.એલ.એમ., નાટ્ય કૃતિ, પૌષ્ટિક વાનગી સ્પર્ધાને એવોર્ડ અને સર્ટીફીકેટનું વિતરણ કરાયું

કમલમ્, રાજકોટ

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પ્રવિણાબેન રંગાણીના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદની વિશેષ ઉપસ્થિતિમાં રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મહારાજા સર ભગવતસિંહજી ટાઉન હોલ ખાતે જિલ્લા કક્ષાનો ભૂલકા મેળો યોજાયો હતો. જેમાં માતા યશોદા એવોર્ડ, ''પા પા પગલી'' પ્રોજેક્ટ અંતર્ગત વેસ્ટમાંથી બેસ્ટ અને પોષણ ઉત્સવ હેઠળ પૌષ્ટિક વાનગી સ્પર્ધા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે પ્રમુખ શ્રી પ્રવિણાબેન રંગાણીએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, બાળકો દેશનું ભવિષ્ય હોવાથી બાળકો સુપોષિત બને તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અનેકવિધ યોજનાઓ અમલી બનાવાઈ છે. બાળકોમાં શ્રેષ્ઠતમ વિચાર અને આચાર કેળવાય તથા જીવનના સંઘર્ષનો સામનો કરી શકવા બાળક સક્ષમ બને તે માટે મિલેટ્સને આહારમાં સામેલ કરવા જોઈએ. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, બાળકોના માતા પિતાએ બાળકોને મોબાઈલ ફોનનો ઉપયોગ નહિવત કરાવવો અને બાળકોના શારીરિક વિકાસ માટે યોગ, કસરત અને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે જરૂરી વાતાવરણ પુરૂં પાડવું જોઈએ. આ તકે મિલેટ્સ અંગે જાગૃતિ લાવવા અને પોષણ માસની ઉજવણીના ભાગરૂપે જિલ્લાના ૧૨ વિવિધ ઘટકોએ "પોષણ ઉત્સવ" અન્વયે ભાખરી, પુડલા, પિઝ્ઝા, સેવ ખમણી, રાગી શેક, ખજૂર કેન્ડી, નુડલ્સ, નાન ખટાઈ સહિતની ૭૨ વિવિધ વાનગીઓને પ્રદર્શનમાં મૂકી હતી. મહાનુભાવોએ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યાર બાદ, ત્રણથી પાંચ વર્ષના બાળકોએ કાલી ઘેલી ભાષાના ગીતો પર ઉત્સાહભેર કૃતિઓ રજૂ કરી હતી. જિલ્લાની ૧૨ વિવિધ આંગણવાડી ઘટકોની કાર્યકર અને તેડાગરબહેનોને માતા યશોદા એવોર્ડ અને સર્ટિફિકેટ, બાળકો દ્વારા રજૂ કરાયેલ શ્રેષ્ઠ પંચ કૃતિઓને એવોર્ડ, ટીચિંગ લર્નિંગ મટીરીયલથી એટલે કે પાંચ શ્રેષ્ઠ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ એવોર્ડ, ટેક હોમ રાશન અને મિલેટ્સમાંથી બનાવેલ વાનગીસ્પર્ધાના સ્પર્ધકોને એવોર્ડ, શ્રેષ્ઠ ત્રણ નાટ્યકૃતિને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવોએ વિવિધ પૌષ્ટિક વાનગીઓના સ્ટોલનું અને ટી.એલ.એમ. મોડલનું નિદર્શન કર્યું હતું. આ તકે ધારાસભ્યશ્રી ગીતાબા જાડેજા, મહિલા અને બાલ કલ્યાણ તથા શિશુ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રી કંચનબેન બગડા, અગ્રણીઓ શ્રી ભાવનાબેન રૈયાણી, શ્રી નાથીબેન સોલંકી, શ્રી ચિરાગભાઈ ગુલ, શ્રી ભરતભાઈ ઢોલરિયા, જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી જનકસિંહ ગોહિલ, મામલતદાર શ્રી દીપકભાઈ ભટ્ટ, તાલુકા વિકાસ અધિકારી શ્રીએમ.એમ. ઉકાવાલા સહિત બહોળી સંખ્યામાં આંગણવાડી તેડાગર અને કાર્યકર બહેનો, માતાઓ, કિશોરીઓ અને બાળકો ઉપસ્થિત રહયા હતા.



કમલમ્, વિજયોત્સવ પર્વ દશેરાના પાવન પર્વ નિમિત્તે શ્રીજી કોમ્પ્લેક્સ, લુણાવાડા ખાતે "સાવરિયા Living Space મોડ્યુલર ફર્નિચર" ના ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે હાજરી આપી. અને સ્નેહી શ્રી તેજસભાઈ પટેલને નવા સોપાન બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા.

કમલમ્, મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે મહેતા હોસ્પિટલ લોકાર્પણ કાર્યક્રમમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર વિશેષ ઉપસ્થિત રહી ડો. દીપ મહેતા (એમ.ડી. (મેડીસીન), ડો. ભૂમિ મહેતા (એમ.ડી. (પીડીયાટ્રીક) તેમજ સર્વ ડોક્ટર મિત્રોને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી. લોકોની આરોગ્ય સેવામાં વધારો થાય એ માટે આ હોસ્પિટલ અદ્યતન સુવિધાઓથી સજ્જ છે અને દરેક જટિલ બીમારી માટે સરળતાથી સારવાર ઉપલબ્ધ થશે એનો વિશ્વાસ છે.

ગાંધીનગર, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ ૨ ઓક્ટોબરના રોજ ગાંધીનગરના સેક્ટર ૧૬ સ્થિત ખાદી ગ્રામોદ્યોગ ભવન ખાતે ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ આશિષકુમાર દવે, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ સહિત મહાનગરપાલિકા અને સંગઠનના ભાજપના પદાધિકારીઓ, આગેવાનો અને કાર્યકર્તાઓએ ખાદીની ખરીદી કરી હતી.



કમલમ્, કડાણા તાલુકાના શિયાલ ખાતે વિસ્તારના ધારાસભ્યશ્રી અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડિંડોરે આદ્યશક્તિ માં અંબાની આરાધનાના મહાપર્વ "નવરાત્રિ મહોત્સવ" માં છેલ્લા નોરતે ઉપસ્થિત રહી માતાજીની આરતી કરી દર્શન કરવાનો તથા ગરબાની રમઝટ નિહાળવાનો લ્હાવો લીધો.

કમલમ્, માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી દ્વારા રાજ્યમાં નવા ૧૭ તાલુકાઓની રચનાને મંજૂરી આપવામાં આવી જે અંતર્ગત મહિસાગર જિલ્લામાં નવો કોઠંબા તાલુકો જાહેર કરવામાં આવ્યો જે અન્વયે મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેવાનો અવસર ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરને સાંપડ્યો. આ તકે સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ પ્રજાકીય કામો અંગેની માહિતી મેળવી.

કમલમ્, સંતરામપુર (પ્રતાપપુરા) ખાતે શ્રી જે.એચ.મહેતા હાઈસ્કૂલ તથા શ્રી જે.સી.મહેતા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા શ્રી કિશોરભાઈ એલ. વણકર (સિનિયર કલાર્ક) ના વય નિવૃત્ત સન્માન સમારોહ પ્રસંગે વિસ્તારના ધારાસભ્યશ્રી અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર ઉપસ્થિત રહી વય નિવૃતિ બાદનું જીવન નિરોગી રહે તેવી શુભકામનાઓ તેમજ તેમના આગળના ઉજ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી.

વલવાડા ખાતે નવરચિત અંબિકા તાલુકાની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ કરતાં નાણા અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઇ

સ્વદેશી અપનાવવાથી માત્ર આપણી આર્થિક શક્તિ જ મજબૂત બનશે નહીં, પરંતુ ગ્રામ્ય અર્થતંત્ર અને સ્થાનિક કારીગરોનો પણ વિકાસ થશે : નાણા અને ઊર્જા મંત્રી કનુભાઇ દેસાઇ

નવા તાલુકાની રચનાએ માત્ર વહિવટી સુવિધા પૂરતી નથી, પરંતુ આદિવાસી સમાજના સામાજિક-આર્થિક વિકાસ માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે

કમલમ્, મયુર પટેલ

નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી અને સુરત જિલ્લાના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે સુરત જિલ્લાના વલવાડા ખાતે નવરચિત અંબિકા તાલુકાની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ કરાયું હતું. આ અવસરે ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈ અને મોહનભાઈ ઢોડીયાની વિશેષ ઉપસ્થિતિમાં રહ્યા હતા. મહુવા તાલુકામાંથી વિભાજન કરી અંબિકા તાલુકાની રચના કરવામાં આવી છે. તાલુકાનું મુખ્ય મથક વલવાડા રહેશે. આ પ્રસંગે નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, નવા તાલુકાની રચના થવાથી આદિવાસી સમાજનો વિકાસ વધુ વેગવંતો બનશે. સરકારે વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિવાસી સમાજને શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને પાયાભૂત સુવિધાઓનો લાભ આપ્યો છે. આ યોજનાના પરિણામે આદિવાસી સમાજમાં નવી આશા અને વિશ્વાસ ઉભો થયો છે. રાજ્ય સરકાર દ્વારા સતત વિકાસયાત્રા આગળ ધપાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે વધુ વસ્તી ધરાવતા તાલુકાઓનું વિભાજન કરીને અંબિકાને નવા તાલુકા તરીકે જાહેર કરવામાં આવ્યો છે અને આજ આ કચેરીનો પ્રારંભ થવાથી લોકો માટે વહિવટી કામગીરી સરળ બનશે.'' મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, નવા તાલુકાની રચના એ માત્ર વહિવટી સુવિધા પૂરતી નથી, પરંતુ આદિવાસી સમાજના સામાજિક-આર્થિક વિકાસ માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે. હવે લોકોને લાંબા અંતરે જવુ નહી પડે, તેમના ગામની નજીક ઘર આંગણે જ સરકારી કચેરી ઉપલબ્ધ હોવાથી સમય અને ખર્ચની બચત થશે. નવા તાલુકાની રચના થવાથી અંબિકા નદીનો વિસ્તાર વધુ વેગવંતો બનશે. તેમણે આગળ વધીને સૌને લોકોને સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરવાનો અનુરોધ કર્યો હતો. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સ્વદેશી અપનાવવાથી માત્ર આપણી આર્થિક શક્તિ જ મજબૂત બનશે નહીં, પરંતુ ગ્રામ્ય અર્થતંત્ર અને સ્થાનિક કારીગરોનો પણ વિકાસ થશે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડીયાએ જણાવ્યું હતું કે, મહુવા તાલુકામાંથી વિભાજિત થઈને અંબિકા નવરચિત તાલુકો બન્યો છે. આ તાલુકા રચનાથી હવે લોકોને ટૂંકા અંતરે જ પોતાની કામગીરી પુરી કરવાની સુવિધા મળશે. અગાઉ લોકોને મહુવા સુધી જવું પડતું હતું, જેમાં સમય અને ખર્ચ બન્ને વધતા હતા, પરંતુ હવે નજીકમાં જ તાલુકા મથક મળી રહેતા વહિવટી સરળતા અને સુવિધામાં નોંધપાત્ર વધારો થશે. આ નિર્ણય સરકારની પ્રજાલક્ષી દૃષ્ટિ અને ગ્રામ્ય વિસ્તારોમાં સુખાકારી વધારવા માટેના પ્રયત્નોનું પ્રતિબિંબ છે. અંબિકા તાલુકો અસ્તિત્વમાં આવતા લોકો માટે નવું મથક આશીર્વાદરૂપ સાબિત થશે.'' આ પ્રસંગે ઈ.જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિનેશ ગુરવ, નિવાસી અધિક કલેક્ટરશ્રી વિજય ભાઈ રબારી, બારડોલી નાયબ ક્લેક્ટર અને પ્રાંત અધિકારી શ્રીમતી જીજ્ઞાબેન પરમાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પિયુષભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી શિલાબેન પટેલ, અગ્રણી માનસિંહભાઈ પટેલ, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા અને તાલુકા પંચાયતસભ્યશ્રીઓ, સરપંચશ્રીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

નાણા અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે નવનિર્મિત અરેઠ તાલુકાની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ કરાયું

અરેઠ તાલુકાની રચના સાથે વિકાસને મળશે નવી દિશા : નાણા મંત્રી કનુભાઇ દેસાઈ

અરેઠ તાલુકો બનવાથી આસપાસના ગામડાંઓના સર્વાંગી વિકાસનો માર્ગ ખુલશેઃ આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ

કમલમ્, મયુર પટેલ

નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી અને સુરત જિલ્લાના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે સુરત જિલ્લાના નવનિર્મિત થયેલા અરેઠ તાલુકાની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ કરાયું હતું. આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ, બારડોલી સાંસદ પ્રભુભાઈ વસાવા, ધારાસભ્ય શ્રી સંદિપભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૪ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્ય કરતાં ''મતની રાજનીતિ'' નહિ, પરંતુ ''વિકાસની રાજનીતિ''ને આગળ ધપાવી અનેક પ્રજાલક્ષી નિર્ણયો લીધા હતા. તેઓએ સમગ્ર રાજ્યમાં ૨૪ કલાક વિજળી ઉપલબ્ધ કરાવી, સોલાર પોલિસી દ્વારા ગુજરાતને દેશમાં પ્રથમ ક્રમે પહોંચાડ્યું અને ખેડુતોને દિવસે પણ ખેતી માટે વિજળી મળે તેની સુવિધા સુનિશ્ચિત કરી છે. મંત્રીએ વધુમાં જણાવ્યું કે, વધારે વસ્તી ધરાવતા તાલુકાઓનું વિભાજન કરીને નવા તાલુકાઓ રચવામાં આવ્યા છે. જેના ભાગરૂપે સુરત જિલ્લામાં માંડવી તાલુકામાંથી અરેઠ અને મહુવામાંથી અંબિકાને સ્વતંત્ર તાલુકા તરીકે જાહેર કરવામાં આવ્યા છે, જેના અમલીકરણથી વિકાસને નવી દિશા મળશે અને પ્રજાને વધુ સરળતા સાથે સેવાઓ પ્રાપ્ત થશે. અંતે તેમણે ઉમેર્યું કે, અરેઠ તાલુકા માટે ઉર્જા વિભાગના બારડોલી ડિવિઝનનું પણ વિભાજન કરવામાં આવ્યું છે. સાથે જ અરેઠમાં નવું સબસ્ટેશન સ્થાપિત થવાનું છે, જેનાથી ગુણવત્તાયુક્ત વિજ પુરવઠો ઉપલબ્ધ થવાથી સુવિધામાં વધારો થશે.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, અહીં અંદાજે સવા ત્રણ એકર જમીન પર વિવિધ વિભાગોની ઓફિસો એક જ કેમ્પસમાં કાર્યરત થશે. અગાઉ લોકોને પોતાની નાની-મોટી કામગીરી માટે માંડવી સુધી જવું પડતું હતું, પરંતુ હવે અરેઠમાં જ તમામ કામગીરી પૂર્ણ કરી શકાશે. પરિણામે સમય અને ખર્ચ બંનેની બચત થશે તથા લોકોને સરળ અને ઘર આંગણે ઝડપી સેવાઓ મળશે. રાજ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, અરેઠ તાલુકા બનવાથી આસપાસના ગામડાંઓના સર્વાંગી વિકાસનો માર્ગ ખુલશે. રોજગાર અને વ્યવસાયના નવા અવસર સર્જાશે, તેમજ ગામડાંની કાયાપલટ સાથે આ વિસ્તાર વિકાસયાત્રામાં એક નવા અધ્યાયની શરૂઆત થશે.

આ પ્રસંગે સાસંદશ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, અરેઠ તાલુકાનું લોકાર્પણ આજે એક ઐતિહાસિક પ્રસંગ છે. વહિવટી સુવિધા વધુ સરળ અને અસરકારક બને તે માટે તાલુકાનું વિભાજન કરવામાં આવ્યું છે. આ નિર્ણયથી સામાન્ય નાગરિકોને સ્થાનિક સ્તરે જ સેવાઓ મળશે. લોકોએ કરેલી રજુઆતોનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવશે. લોકોની સુખાકારી અને સર્વાંગી વિકાસ એ સરકારનો મુખ્ય ધ્યેય છે. આ અવસરે શ્રેષ્ઠ કામગીરી બદલ ગ્રામ પંચાયત, શાળાઓ, આરોગ્યની કચેરીઓને એવોર્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા.

આ પ્રસંગે ઈ.જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિનેશભાઈ ગુરવ, નિવાસી અધિક કલેક્ટરશ્રી વિજયભાઈ રબારી, માંડવી પ્રાંત અધિકારીશ્રી કૌશિકભાઈ જાદવ, માંડવી તાલુકા વિકાસ અધિકારીશ્રી રવિન્દ્રભાઈ સોલંકી, માંડવી તાલુકા પંચાયત પ્રમુખ દિલિપભાઈ ચૌધરી, કારોબારી અધ્યક્ષ કમલેશભાઈ ચૌધરી, અગ્રણીશ્રી ભરતભાઈ રાઠોડ, રાજુભાઈ, દિનેશભાઈ પટેલ, રાજુભાઈ, છનાભાઈ વસાવા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની શીલ ગામ ખાતે નેત્રાવતી નદીની મુલાકાત

મંત્રીશ્રીએ નેત્રાવતી–મધુવંતી નદીને જોડતી કેનાલનું આત્રોલીથી મધુવંતી નદી સુધીનું બાકી કામ સત્વરે પૂર્ણ કરવા સૂચના આપી

કમલમ્, પોરબંદર,

જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ પોરબંદર જિલ્લાના મુળમાધવપુર તેમજ જુનાગઢ જિલ્લાના શીલ ગામ ખાતે આવેલ શીલ બંધારા તથા નેત્રાવતી નદી વિસ્તારની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ પોરબંદર જિલ્લાના માધવપુર ખાતે આવેલ મધુવંતી નદીની મુલાકાત લીધી અને નદીમાં પાણીના પ્રવાહનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે નેત્રાવતી–મધુવંતી નદીને જોડતી કેનાલનું આત્રોલીથી મધુવંતી નદી સુધીનું બાકી રહેલું કામ વહેલી તકે પૂર્ણ કરવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ત્યારબાદ મંત્રીશ્રીએ જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શીલ ગામ ખાતે નેત્રાવતી નદીની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન નદી પર નવો બંધારો બનાવવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન માંગરોળ–માળીયાના ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠિયા, કેશોદના ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમ તથા અગ્રણી શ્રી રાજાભાઈ ભરડા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરાવી



કમલમ્, વલસાડ

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વલસાડ જિલ્લાની વાપી જીઆઈડીસી ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મ દિવસ નિમિત્તે ગાંધી બાપુની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ મંત્રીશ્રીએ જીઆઈડીસી બાગ ખાતે સફાઈ કરી જિલ્લામાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ અને સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ, વાપી મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

મહાત્મા ગાંધીજીની ૧૫૬મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર વિધાનસભા ખાતે તેમની પ્રતિમા-તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરતાં મંત્રીશ્રી-મેયરશ્રી

કમલમ્,

'મેરા જીવનહી મેરા સંદેશ હૈ' નો ભારત સહિત વિશ્વભરમાં સંદેશ આપનાર પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૬મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર વિધાનસભા પટાંગણમાં સ્થિત તેમની ભવ્ય પ્રતિમા તેમજ ગૃહમાં તેમના તૈલચિત્ર સમક્ષ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ, સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા તેમજ ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ જન્મ જયંતિ નિમિત્તે મહાત્મા ગાંધીજીને યાદ કરતાં કહ્યું હતું કે, ગાંધીજીના જીવન પર અનેક પ્રકારના મૂલ્યવાન પુસ્તક લખાયેલા છે. તેમના અહિંસાના વિચારોથી પ્રેરીત થઈને યુનો દ્વારા તેમના જન્મ દિવસને 'વિશ્વ અહિંસા દિવસ' તરીકે પણ ઉજવવાની પહેલ કરવામાં આવી છે. મંત્રી શ્રી વિશ્વકર્માએ આ પ્રસંગે ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થીનીઓની સાથે સંવાદ કરતા કહ્યું હતું કે, આપણે પોતાના જીવનમાં ગાંધીજીના જીવન મૂલ્યોમાંથી કોઈ એક સારા વિચારનો અમલ કરવો જોઈએ. જેમાંથી સ્વદેશી વસ્તુઓનો આગ્રહ, પાણી બચાવવું, અન્નનો બગાડ કરવો નહીં, અનુસાશન, સત્ય બોલવું, સ્વચ્છતાના આગ્રહી બનવું? અને સમયનું પાલન કરવું વગેરે અપનાવી શકાય. તેમણે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના સ્વદેશી વિચાર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વધુને વધુ 'આત્મનિર્ભર' બનાવવા આપણા દેશમાં જ બનેલી સ્વદેશી વસ્તુઓ વાપરવાનો સૌ ભારતીયો અનુરોધ કર્યો છે, આ સ્વદેશી વિચારને આપણે સૌએ પોતાના દૈનંદિન જીવનમાં અપનાવવો જોઈએ. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી આશિષ દવે, વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા, સંયુક્ત સચિવ શ્રી રીટાબેન મહેતા, ઉચ્ચ અધિકારીઓ, નગરજનો તેમજ જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

કમલમ્,

માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી દ્વારા સેવા અને સુશાસનના ઐતિહાસિક નિર્ણયના ભાગરૂપે રાજ્યમાં નવા ૧૭ તાલુકાઓની રચનાને મંજૂરી આપવામાં આવી જે અંતર્ગત મહિસાગર જિલ્લામાં નવો ગોધર તાલુકો જાહેર કરવામાં આવ્યો જે અન્વયે મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીના શુભારંભ પ્રસંગે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહેવાનો અવસર સાંપડ્યો. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) ની નવીનતમ બસનું લોકાર્પણ કર્યું. દિવાળીના તહેવારને ધ્યાનમાં લઈ સંતરામપુર સાથે સંકળાયેલા પ્રવાસી બંધુઓની સુખાકારી માટે GSTRC દ્વારા આ ઉત્તમ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ યાત્રીઓને ઉત્કૃષ્ટ સેવા પ્રદાન કરવા મક્કમ છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધી જયંતીની ઉજવણી

રાજ્યપાલશ્રીએ વિદ્યાપીઠ પરિસરમાં શ્રમદાન અને ખાદીની ખરીદી કરીને સૌને સ્વચ્છતા અને સ્વદેશી અપનાવવા પ્રોત્સાહિત કર્યા

આપણે સૌએ યુગાનુકુળ સ્વદેશી સાથે આગળ વધવાનું છે :- મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

કમલમ્,

ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ૧૫૬મી ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રી, મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોએ આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં સફાઈકાર્યમાં સહભાગી થઈને શ્રમદાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે ડિજિટલ પેમેન્ટ કરીને ખાદીની ખરીદી કરી સ્વદેશી મુહિમને પણ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌને વિજયાદશમીની શુભકામનાઓ પાઠવી હતી. ગાંધીજયંતી અને લાલ બહાદુર શાસ્ત્રી જયંતીના અવસરે તેમણે ગાંધીજી અને શાસ્ત્રીજીના જીવન આદર્શોનું સ્મરણ કર્યું હતું. રાજ્યપાલશ્રીએ રાષ્ટ્રીય સ્વયંસેવકસંઘના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાષ્ટ્રનિર્માણમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહામૂલા યોગદાનને પણ આ અવસરે બિરદાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે આજનો દિવસ અત્યંત પ્રેરણાદાયી દિવસ છે. ગાંધીજીના જીવન આદર્શો અને આજના સમયમાં તેમની પ્રસ્તુતતા વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના જીવન આદર્શો અને મૂલ્યો આજના સમયમાં એટલા જ પ્રસ્તુત અને જીવંત છે. જીવન અને મૃત્યુ વચ્ચે આપણે જનકલ્યાણ માટે કેટલા પ્રયત્નશીલ રહીએ છીએ એ મહત્વનું છે. જેઓ અન્યોના દુ:ખો દૂર કરવા અને અન્યોના જીવનમાં ઉજાસ પાથરવા જીવન જીવે છે, તેમનું જીવન સાર્થક બને છે એમ તેમણે ઉમેર્યું હતું. બાપુએ સંસાધનોના અભાવમાં પણ તપસ્વીની જેમ સતત પરિશ્રમ કરીને જીવન ચિંતન આપ્યું હતું એમ જણાવીને રાજ્યપાલશ્રી કહ્યું હતું કે બાપુએ આપણી પ્રાચીન ઋષિપરંપરાને જીવંત રાખવા અથાગ પ્રયત્નો કર્યા હતા. 'વૈષ્ણવ જન..' ભજનમાં સંયમ, ત્યાગ, તપશ્ચર્યા, પુણ્ય જેવા બાપુના જીવનના આદર્શોની અનુભૂતિ થાય છે. સત્ય બોલવાથી સુખની અનુભૂતિ થાય છે એમ જણાવીને રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, અન્યોને સુખી રાખવાની ભાવના હોય તો પોતાને પણ સુખની પ્રાપ્તિ અવશ્ય થતી હોય છે. જેમ આપણું કોઈ છીનવી ન લે એ માટે આપણે સજાગ રહેતા હોઈએ છીએ એમ અન્યોનું કંઈ આપણે ન છીનવી લઈએ એ માટે પણ આપણે સભાન રહેવું જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું. અંગ્રેજોની ગુલામી અને અત્યાચારો સામે બાપુની લડત વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, અંગ્રેજોએ દેશને ગુલામીની માનસિકતા તથા લૂંટફાટ, ઉંચ-નીચના ભેદભાવો અને આંતરિક મતભેદોના બળે ગુલામ બનાવ્યો હતો. ઉત્તરોત્તર તેમણે ભારતની સંસ્કૃતિ અને પરંપરાઓને નષ્ટ કરી હતી. અંગ્રેજોની ગુલામીમાંથી દેશને આઝાદી અપાવવા બાપુએ શાશ્વત જીવન મૂલ્યો અપનાવ્યા હતા. બાપુએ લોકોને જોડવા માટે સ્વદેશીને હથિયાર બનાવ્યું હતું એમ જણાવીને રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, દેશનું ધન દેશમાં જ રહે અને દેશમાં રોજગારી પેદા થાય તે માટે બાપુએ ગામોમાં કુટીરઉદ્યોગો પર ભાર મૂક્યો હતો. ગામોમાં પોતાની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ સ્થાનિકો જ પેદા કરે અને સ્વદેશી તથા સ્વાવલંબન જળવાય એ બાપુનો આગ્રહ હતો. પૂજ્ય બાપુનું માનવું હતું કે, પરાવલંબન અને પરતંત્રતા એ ગુલામીની નિશાની છે. બાપુના સ્વદેશી અને સ્વાવલંબનના વિચાર મૂલ્યોને આગળ ધપાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને આત્મનિર્ભર બનાવવા 'મેક ઈન ઈન્ડિયા', 'વોકલ ફોર લોકલ' સહિતની સ્વદેશી પહેલો અમલમાં મૂકી છે. સ્વચ્છતા, સ્વાવલંબન અને સ્વદેશીનો આપણો સંકલ્પ ભારતની ઉન્નતિનો આધાર બનશે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, પેટ્રોલિયમ પેદાશો અને કુત્રિમ ખાતરોની આયાતમાં દેશનું સૌથી વધુ ધન વપરાય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની શાસનધૂરા સંભાળ્યાબાદ વિવિધ ક્ષેત્રોમાં દેશને આત્મનિર્ભર બનાવવા માટે સક્રિય પ્રયાસો શરૂ કર્યા હતા. જેના ભાગરૂપે આજે આપણે વિવિધ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બન્યા છીએ. આજે દેશમાં પુન:પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો પ્રત્યે નિર્ભરતા વધી છે. આ ઉપરાંત, સંરક્ષણ ક્ષેત્રે પણ આપણે આત્મનિર્ભર બન્યા છીએ. આજે આપણો દેશ સુરક્ષા ઉપકરણોની નિકાસ કરતો થયો છે. વડાપ્રધાનશ્રીના વિઝનને પરિણામે સ્વચ્છતા મહાઅભિયાનના પરિણામે દેશમાં કચરાના પહાડોમાંથી આજે વીજળી અને ખાતર મળતા થયા છે. વિશ્વસ્તરે પણ આજે દેશનું ગૌરવ વધ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂજ્ય બાપુના આદર્શોને 'મેક ઈન ઈન્ડિયા', સ્વદેશી ભારત અને આત્મનિર્ભર ભારતની મુહિમ થકી સાકાર કરીને દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના વિચારને મૂર્તિમંત કરવાના ઉદ્દેશ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સ્વચ્છતા મહાઅભિયાનની શરૂઆત કરાવી છે. તેમણે ઘરે-ઘરે શૌચાલય બનાવવાનો સંકલ્પ લઈને તેને સાકાર કરવાની દિશામાં સતત પ્રયત્ન કર્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આપણે બીજામાં જે જોવાની ઈચ્છા રાખતા હોય એવા આપણે પોતે પણ બનવું જોઈએ. સાથે જ તેમણે સ્વાવલંબન, આત્મનિર્ભર ભારત, સ્વદેશી ભારત અને વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા સૌને સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો. આ તકે રાજ્યપાલ શ્રીએ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાનાર સંકલ્પ સ્વદેશી યાત્રા વિશે વાત કરતા યાત્રામાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક અને સક્રિય રીતે સ્વદેશી, સ્વાવલંબન, સ્વચ્છતા અને પ્રાકૃતિક કૃષિના સંકલ્પને ગામેગામ સુધી લઈ જવા અનુરોધ કર્યો હતો. સાથે જ તેમણે ઉપસ્થિત સૌને સત્ય, અહિંસા, સ્વદેશી, અસ્પૃશ્યતા નિવારણ સહિતના ગાંધીજીના વિચારોને જીવંત રાખવા અને તેમના જીવન મૂલ્યોને ઈમાનદારીથી આગળ ધપાવવા અનુરોધ કર્યો હતો. બાપુ દ્વારા સ્થાપિત આ સંસ્થા માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પણ શિક્ષિત અને ચારિત્ર્યવાન પેઢી બનાવવાના અને ભારતીય જીવન મૂલ્યોને આગળ ધપાવવાના ઉદ્દેશ સાથે કાર્ય કરશે એવો આશાવાદ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે પણ ગાંધીજીની ૧૫૬મી જન્મજયંતિ નિમિત્તે શુભકામનાઓ પાઠવી હતી. તેમણે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિની સક્રીય મુહિમની શરૂઆત કરાવવા બદલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો આભાર વ્યક્ત કર્યો હતો. સ્વદેશી વિશે વાત કરતાં મંત્રીશ્રીએ કહ્યું કે, ૧૯૦૫માં લાલ, બાલ અને પાલની ત્રિપુટીએ સ્વદેશીનો વિચાર મૂક્યો હતો અને ગાંધીજીએ સમગ્ર દેશમાં સ્વદેશીની ચળવળ ચલાવી લોકોને આ જનઆંદોલનમાં જોડ્યા હતા. અનેક વિપરીત ભૌગોલિક અને સામાજિક પરિસ્થિત હોવા છતાં ગાંધીજીએ મોટી સંખ્યામાં લોકોને સ્વદેશી અને સ્વચ્છતા વિશે જાગૃત કરીને તેમાં જોડ્યા હતા. તેમણે કહ્યું કે, લોકોને ગુલામીની માનસિકતામાંથી બહાર નીકળવાનું ભગીરથ કાર્ય ગાંધીજીએ કર્યું છે. મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, દેશના પાયામાં સ્વાભિમાન, સ્વાવલંબન અને સ્વદેશી હશે તો કોઈ તાકાત દેશની એકતાને તોડી નહીં શકે. તેમણે સૌને આહ્વાન કરતાં કહ્યું કે, આપણે સૌએ યુગાનુકુળ સ્વદેશી સાથે આગળ વધવાનું છે અને તેના થકી વિકસિત ભારતની સંકલ્પના સાકાર કરવાની છે. આ ઉપરાંત તેમણે સૌને સ્વદેશી વસ્તુનો આગ્રહ રાખી ગાંધીજીના મૂલ્યોને આગળ વધારવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. વધુમાં તેમણે ઉમેર્યું કે, વધતી જતી ટેકનોલોજી વચ્ચે પણ આપણા સ્વાભિમાનનું પ્રતિક રેંટિયાનું સ્થાન હંમેશા આપણા હૃદયમાં અવિરત રહેશે. આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી અને પૂર્વમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીજીને યાદ કરી ભાવાંજલિ અર્પણ કરી નમન કર્યા હતા. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્વદેશી અને મેક ઈન ઈન્ડિયા વિશે વિસ્તૃત વાત કરતા કહ્યું હતું કે, આજે વૈશ્વિક લેવલે ઉદ્ભવેલી પરિસ્થિતિ અનુસાર આત્મનિર્ભર બનવાની તાતી જરૂરિયાત છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી આજે દેશના લોકો સ્વદેશી તરફ વળી વિકસિત ભારતની સંકલ્પના સાકાર કરવા કાર્યરત છે. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉપસ્થિત સૌ લોકોને ઘરવપરાશ અને રોજિંદી ચીજવસ્તુઓ સ્વદેશી જ હોવી જોઈએ તેવો સંકલ્પ લેવડાવ્યો હતો. વધુમાં તેમણે વ્યસન વિશે પણ ચિંતા વ્યક્ત કરી કહ્યું કે, વ્યસનમુક્તિ બાબતે સૌએ સાથે મળીને કામ કરવું જોઈએ અને વધુમાં વધુ લોકોને વ્યસનથી દૂર કરવા મદદ કરવી જોઈએ. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી ડો. હર્ષદ પટેલે સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગૂજરાત વિદ્યાપીઠ દર વર્ષે સ્વદેશી, સ્વાવલંબન અને ખાદી સાથે ગાંધી જયંતીની ઉજવણી કરે છે. પૂજ્ય બાપુના સત્ય અને અહિંસાના મૂલ્યો આજે પણ એટલા જ પ્રસ્તુત છે. સાથે જ, તેમણે આગામી ૧૦થી ૧૫ નવેમ્બર દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની સહભાગિતા દ્વારા યોજાનાર સંકલ્પ સ્વદેશી પદયાત્રા વિશે પણ વિગતો રજૂ કરી હતી. 'હર ઘર સ્વદેશી'ના નારા સાથે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ૧૮ હજાર ગામડાઓમાં પદયાત્રા કરીને ઘરે ઘરે સ્વદેશીનો સંદેશ પહોંચાડશે એમ શ્રી હર્ષદ પટેલે જણાવ્યું હતું. વિદ્યાપીઠના મોરારજી દેસાઈ મંડપમ ખાતે કાર્યક્રમની શરૂઆત 'વૈષ્ણવ જન...' ભજનથી કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં વિદ્યાપીઠ ટ્રસ્ટીગણની બેઠક પણ આ તકે યોજાઈ હતી, જેમાં આગામી સમયમાં યોજાનારા ગૂજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભના આયોજનની સમીક્ષાની કરવામાં આવી હતી. આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ શ્રી ડો.હિમાંશુ પટેલ, ટ્રસ્ટી શ્રી આયેશાબેન પટેલ, શ્રી સુરેશભાઈ રામાનુજ, વિદ્યાપીઠના વિવિધ વિભાગોના પ્રાધ્યાપકો તથા સંસ્થા સાથે જોડાયેલા લોકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુશાસન, વિકાસ અને એકતાના નવા અધ્યાયની સાથે વાવ-થરાદ જિલ્લાનો વિધિવત પ્રારંભ

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના વરદહસ્તે નવીન વાવ - થરાદ કલેક્ટર કચેરીનો શુભારંભ કરાયો

ઢોલ નગારા અને બાઇક રેલી સાથે સરહદી વિસ્તારમાં નવ નિર્મિત જિલ્લાની ઉજવણી કરતા નાગરિકો

કમલમ્, પાલનપુર

સુશાસન, વિકાસ અને એકતાના નવા અધ્યાયની સાથે આજથી વાવ થરાદ જિલ્લો સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યો છે. વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતનાહસ્તે થરાદ ખાતેથી કલેકટરકચેરીનો વિધિવત શુભારંભ કરાયો હતો. આ સાથે ચાર નવા તાલુકાઓ ઓગડ, ધરણીધર, રાહ અને હડાદ પણ અસ્તિત્વમાં આવ્યાછે. આ પ્રસંગે અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે ઉપસ્થિત તમામ લોકોને શુભેચ્છાઓ પાઠવીને નવીન વાવ-થરાદ જિલ્લાની કલેકટર કચેરીનું રીબીન કાપીને કચેરીનોપ્રારંભ કર્યો હતો. બંને મહાનુભાવોનું ખોરડા, જેતડા, ભોરડું અનેખેંગારપુરા ગામના લોકોએ ઢોલ નગારા સાથે ભવ્ય સ્વાગત કરીનેનવીન જિલ્લા માટે સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આજનો દિવસ સમગ્ર સરહદી વિસ્તારના નાગરિકો માટે ઉત્સાહઅને ઉમંગનાદિવસતરીકે ઉજવાયો હતોઅને થરાદથી રાહ સુધી બાઈક રેલીનું આયોજન કરાયું હતું. થરાદ ખાતે નવી જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પોલીસઅધિક્ષક કચેરીઅને જિલ્લા પંચાયત કચેરી સહિતની કચેરીઓનો શુભારંભ થયો છે. સરહદી વિસ્તારના નાગરિકોની વર્ષો જૂની માંગણી પૂર્ણ થતાં થરાદ ખાતે બહોળી સંખ્યામાં નાગરિકોએ નવાજિલ્લા શુભારંભ વખતે ઉજવણી કરીહતી. નવીન વાવ-થરાદ જિલ્લામાંથરાદ, વાવ, સુઈગામ, ભાભર, દિયોદર, લાખણી અને નવીન ૨ તાલુકા ઢીમા અને રાહ મળીને કુલ ૮ તાલુકાનો સમાવેશ થયો છે. નવનિર્મિત જિલ્લામાં ૮ તાલુકા, ૨ નગરપાલિકા, ૪૧૬ ગામડા તથા ૯ લાખ ૭૮ હજાર ૮૪૦ વસ્તીનો સમાવેશ થાય છે. બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, વડગામ, દાંતીવાડા, દાંતા, અમીરગઢ, ધાનેરા, કાંકરેજ સહિત નવીન ૨ તાલુકાઓગડ અને હડાદ મળીને કુલ ૧૦ તાલુકાનો સમાવેશ સરકારશ્રીએ વાવ થરાદ જિલ્લા માટે જિલ્લા કલેક્ટર તરીકે શ્રી જે.એસ.પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ચિંતન.જે.તેરૈયાની નિમણૂક કરી છે. કલેક્ટર કચેરી શુભારંભ વખતે વાવ ધારાસભ્યશ્રી સ્વરૂપજી ઠાકોર, પૂર્વ સાંસદશ્રી પરબત ભાઈ પટેલ, બનાસકાંઠા કલેક્ટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે સહિતના અધિકારીશ્રીઓ, પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

કુપોષણ, વ્યસનમુક્તિ, શિક્ષણ અને આત્મનિર્ભરતા માટે સૌ સાથે મળીને કામ કરીએ:- અદયક્ષશ્રી શંકરભાઈ ચૌધરી

વડાપ્રધાનશ્રીના ૨૦૪૭ના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરીએ :- મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત

કમલમ્, પાલનપુર

સુશાસન, વિકાસ અને એકતાના નવા અધ્યાયની સાથે આજથી વાવ થરાદ જિલ્લો સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યો છે. વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાંરાહ ખાતે નવ નિર્મિત જિલ્લો અને નવા ૪ તાલુકાઓનો શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીઅને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના સંકલ્પ સાથે સરહદના વિસ્તારને નવો વાવ - થરાદ જિલ્લો અને ૪ નવા તાલુકાની ભેટ મળી છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ પ્રજાની માંગણીને સ્વીકારીને ટૂંકા ગાળામાં ઐતિહાસિક નિર્ણય લીધોતે બદલ સરહદના નાગરિકો વતી અધ્યક્ષશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. નવા જિલ્લાને યંગ અને ડાયનેમિક અધિકારીઓ મળ્યા છે. અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આપણી ઓળખ હંમેશા બનાસવાસી તરીકે બની રહેશે. બનાસવાસીઓ સાથે આપણે લાગણી અને પ્રેમથી જોડાયેલા રહીશું. તેમણે કહ્યું કે, નવા જિલ્લા તરીકે સૌ કોઈ એવા સંકલ્પ સાથે આગળ વધીએ કે વાવ- થરાદ જિલ્લાની નોંધ સમગ્રદેશમાં લેવાય અને આ વિસ્તારનું નામ ગુંજતું થાય.

આ વિસ્તારમાં એક પણ વ્યક્તિ કુપોષણમાં ના રહે, વ્યસનમુક્તિ માટે કામ કરીએ, શિક્ષણ સાથે સ્કીલ મેન પાવર વિકસાવીએ, દરેક વ્યક્તિ આત્મનિર્ભર અનેસ્વમાનભેર જીવે તેવો સંકલ્પ લેવા આહવાન કર્યું હતું. સરહદી વિસ્તારમાં પૂર વખતે વહીવટીતંત્રએ જે ઉમદા કામગીરી કરી છે તે બદલ અધ્યક્ષશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આજે ગાંધીજીની ૧૫૬મી જન્મ જયંતી તથા વિજયા દશમીના શુભ દિવસ આ વિસ્તારના નાગરિકો માટે સુખાકારી લઈને આવ્યો છે. તત્કાલીન મુખ્યમંત્રીઅને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદંશી નેતૃત્વમાં ગુડ ગવર્નન્સ હેઠળ રાજ્યમાં અનેક વહીવટી સરળતાઓ ઉભી કરાઈ છે. ૧૯૬૦ માં ગુજરાતમાં ફક્ત ૧૭ જિલ્લા કાર્યરત હતા જ્યારે આજે ૩૪માં જિલ્લા તરીકે વાવ થરાદ કાર્યરત થયો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનીસરકાર દ્વારા છેવાડાના નાગરિકોની ચિંતા કરીને વિકાસ, સમય અને નાણાંના બચાવ માટે ઘર આંગણે જિલ્લો ફાળવ્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, આજે અહીંના વિસ્તારના લોકોનું અભિવાદન જોઈને અભિભૂત થયો છું. આ વિસ્તારમાં સરકારે અનેક વિકાસના કામોને પ્રાધાન્ય આપ્યું છે. આરોગ્ય, શિક્ષણ, નર્મદાનું પાણી સહિતની સુવિધાઓ સરહદી વિસ્તારને મળી છે. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા સૌકોઈને જોડાવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલેપ્રાસંગિક ઉદબોધન કરીને સૌને આવકાર્યા હતા. કાર્યક્રમમાંવાવ ધારાસભ્યશ્રી સ્વરૂપજી ઠાકોર, પૂર્વ સાંસદશ્રી પરબતભાઈ પટેલ, બંને જિલ્લાના કલેકટરશ્રી મિહિર પટેલ, શ્રી જે.એસ.પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, શ્રી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે, શ્રી ચિંતન.જે.તેરૈયા, બનાસ બેંકના ચેરમેનશ્રી ડાહ્યાભાઈ પીલીયાતર, સહકારી આગેવાનો અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ અદયક્ષ શ્રી સી આર પાટીલ સાહેબના શુભ હસ્તે અનાથ અથવા પિતા ના હોય તેવી દીકરીઓના ભણતર માટે રૂપિયા ૭૫૦૦ ના ચેકનું વિતરણ કરવામાં આવ્યું

કમલમ્,

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના ૭૫ માં જન્મદિવસના ઉપલક્ષમાં સેવા પખવાડિયા અંતર્ગત અનેકવિધ સેવાકીય અને સામાજિક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યુંછે. આવા જ એક સેવાભાવી કાર્યક્રમ અંતર્ગત સમાજ અને દેશ માટે સદકાર્ય કરવાની ભાવના સાથે નીલકંઠ રેસિડેન્સીના શ્રી પિયુષભાઈ અનેતેમના ભાગીદારો દ્વારા અનાથ અથવા જેમના પિતા ના હોય તેવી દીકરીઓને ભણતર માટે રૂપિયા ૭૫૦૦ /- ની સહાય કરવામાં આવી હતી. ઉપરોક્ત દીકરીઓને રૂપિયા ૭૫૦૦/- ના ચેકનું વિતરણ આદરણીય કેન્દ્રીય જળ સંસાધન મંત્રી તથા ભારતીય જનતા પાર્ટી -- ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું . પ્રાસંગિક ઉદબોધન કરતા આદરણીય શ્રી સી આર પાટીલ સાહેબે જણાવ્યું હતું કે શરૂઆતના તબક્કે આજે ૨૫૧ જેટલી દીકરીઓને આ ચેક આપવામાં આવ્યો છે પણ શ્રી પિયુષભાઈ અને તેમના ભાગીદારો દ્વારા આનાથી બહુ જ મોટું લક્ષ રાખવામાં આવ્યું છે , આશરે ૨૧૦૦૦ જેટલી દીકરીઓને આસહાય મળેતેમાટે તેઓ સંકલ્પ બદ્ધ છે . આદરણીય શ્રી સી આર પાટીલ સાહેબે પિયુષભાઈ અને તેમના ભાગીદારોને આ માટે ધન્યવાદ પાઠવ્યાહતા અને કહ્યુંહતું કે જ્યારે આદરણીય પ્રધાનમંત્રીશ્રી આ દેશ માટે જ્યારે ખૂબ જ સારું કાર્ય કરી રહ્યા હોય ત્યારે સમાજમાં પણ આવી ઉત્કૃષ્ટ ભાવના આવેછે . આ સાથે સુરત મહાનગરમાં માન ટેનામેન્ટને જેરીડેવલપ થઈ રહ્યુંછે , તેમના નિવાસીઓને ત્રણ મહિનાનું એડવાન્સ ભાડું શ્રી સી આર પાટીલ સાહેબના હસ્તે આપવામાં આવ્યું હતું . આ પ્રસંગે લિંબાયત વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે આદરણીય શ્રી સી આર પાટીલસાહેબનો આમાટે આભાર માન્યો હતો અને કહ્યું હતું કે આદરણીય શ્રી સી આર પાટીલ સાહેબની દરમ્યાનગિરીથી આ રી ડેવલપમેન્ટ શક્ય બન્યું હતું અને માન ટેનામેન્ટના નિવાસીઓને તેમણે જણાવ્યું હતુંકે ખૂબ જ ટૂંકા સમયમાં તેમના માટે નવું સરસ આવાસતૈયાર થઈજશે . ઉપરોક્ત પ્રસંગે ભારતીય જનતા પાર્ટી -- સુરત મહાનગર અધ્યક્ષશ્રી પરેશ પટેલ ,સુરત મહાનગરના મેયર શ્રી દક્ષેશ માવાણી ,ગુજરાત રાજ્યના મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ , ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ , સુરત મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી રાજન પટેલ , કોર્પોરેટરશ્રી દિનેશ જોધાણી , શ્રી અમિત રાજપુત, શ્રી રાજેશ રાણા તથા અન્ય કોર્પોરેટર શ્રીહાજર રહ્યા હતા .

માંડવીના આંબા પારડી ગામે આગની દુર્ઘટનામાં અસરગ્રસ્ત પરિવારની મુલાકાત લઈ આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ પરિજનોને આશ્વસ્ત કર્યા

અસરગ્રસ્ત પરિવારને રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ તરફથી તાત્કાલિક રોકડ અને રાશન સહાય કરવામાં આવી

કમલમ્, મયુર પટેલ

માંડવી તાલુકાના આંબા પારડી ગામ ખાતે બનેલી દુર્ભાગ્યપૂર્ણ આગનીઘટનાને પગલે આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ તાત્કાલિક સ્થળ પર પહોંચી પીડિત પરિવારજનોની મુલાકાત લીધી અને તેમના દુઃખ-વેદનામાં સહભાગી થયાહતા. શ્રી હળપતિએ પરિજનોને આશ્વસ્ત કર્યાહતા અને જીવનનિર્વાહ માટે તાત્કાલિક રોકડ અને રાશન સહાય કરી હતી. જમુભાઈ રામાભાઈ ચૌધરી તથા નાનુબેન પરભુભાઈ ચૌધરીના નિવાસસ્થાને આગ લાગતા પરિવારના પહેરવાનાકપડાં, વાસણ તથા જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓ નાશ પામી હતી. આ કપરા સંજોગોમાં રાજ્યમંત્રીશ્રીએ પીડિત દંપતીને વ્યક્તિદીઠ રૂ. ૨૫,૦૦૦ની રોકડ સહાય આપી તથા પાંચ મહિનાની રાશન કિટ પૂરી પાડી તાત્કાલિક રાહત ઉપલબ્ધ કરાવીહતી. આ ઉપરાંત, રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ સ્થાનિક અધિકારીઓને ઘટનાની વિગતવાર તપાસ કરી પીડિત પરિવારને સરકારની અન્ય સહાયકારી યોજનાઓનો લાભ સત્વરે મળી રહે તે માટે કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપી હતી.

પ્રાકૃતિક ખેતી એ રાષ્ટ્ર અને માનવતાની સેવા કરવાનો સર્વોત્તમ માર્ગ છે: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

પ્રાકૃતિક કૃષિ ખેડૂતોની આવક અને સમાજની સમૃદ્ધિ સુનિશ્ચિત કરશેઃ શ્રી દિલીપભાઈ સંઘાણી



ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્માના વિસ્તરણ કાર્યકરો-અધિકારીઓ, અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લાના કૃષિ સખી, કિસાન મિત્રો સાથે રાજ્યપાલશ્રીએ સંવાદ કર્યો

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી એ માત્ર કૃષિ પદ્ધતિ નહીં, પરંતુ આરોગ્યપ્રદ જીવનશૈલી અને ભાવિ પેઢી માટે સ્વસ્થ, સલામત અને સમૃદ્ધ ભવિષ્યની ગેરંટી છે. રાજભવનના મહર્ષિ દયાનંદ સભા મંડપમાંરાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્માના વિસ્તરણ કાર્યકરોઅધિકારીઓ, અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લાના કૃષિસખી, કિસાન મિત્રો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે સંવાદ કર્યો હતો. રાસાયણિક ખેતી દ્વારા ઉભી થતી સમસ્યાઓપર પ્રકાશપાડતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, માટી, પાણી અને હવા પ્રદૂષિત થઈ ગઈ છે અનેખાદ્યાન્નના પોષકતત્વોઘટી રહ્યા છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીના પાંચ વૈજ્ઞાનિક પરિમાણો બીજામૃત, જીવામૃત, ઘન જીવનામૃત, મલ્ચિંગ અને મિશ્રપાક વિશે વિગતવાર જણાવ્યું હતું. તેમણે કહ્યું, કે જો ખેડૂતોઆ પદ્ધતિઅપનાવે, તોધરતી માતાની ફળદ્રુપતા વધવા ઉપરાંત લોકોને પૌષ્ટિક, સ્વસ્થઅને સલામત ખોરાક ઉપલબ્ધબનશે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, આ કાર્યને ફક્ત નોકરી કે ઔપચારિકતા ન માનવી જોઈએ. આપણે બધા પૃથ્વી, પાણી, હવા અને જીવસૃષ્ટિની રક્ષાનું મહત્વપૂર્ણ કાર્ય કરી રહ્યા છીએ. જો ખેડૂતોને યોગ્ય તાલીમ નહીં મળે, તો તે માત્રબેદરકારી જ નહીં પણ ગુનો અને પાપ પણ છે. તેમણે ઉલ્લેખ કર્યોકે, ગુજરાતની ચાર કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવેલાસંશોધનોએ સાબિત કર્યું છેકે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઘટતું નથી, પરંતુ જમીનની ગુણવત્તા, પાકનું પોષણ મૂલ્ય અને ખેડૂતોની આવકમાં વધારો કરે છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીને માત્ર આર્થિક દ્રષ્ટિકોણથી જ નહીં પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ ગણાવી હતી. તેમણે કહ્યું કે, આ ચળવળ પર્યાવરણ, જળ અને જૈવવિવિધતાસંરક્ષણ તેમજ ભારતીય પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાયેલી છે. પ્રાકૃતિક ખેતી એ રાષ્ટ્ર અને માનવતાની સેવા કરવાનો સર્વોત્તમ માર્ગ છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને દુરદ્રષ્ટિથી પ્રેરિત થઈને સમગ્ર દેશ પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રીશ્રીનું સ્વપ્ન આત્મનિર્ભર ભારતની સાથેસ્વસ્થ, સમૃદ્ધ અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ ભારત બનાવવાનું છે. તેમણે કહ્યું કે, ખોટી ટીકા અને ભ્રમ ફેલાવવાથી કોઈ ઉકેલ મળશે નહીં. પ્રાકૃતિક ખેતીનો વિરોધ કરનારાઓએ પણ આત્મનિરીક્ષણ કરવું જોઈએ. તેમણે ખેડૂતો, સમાજ અને સરકારને આ ચળવળને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવા હાકલ કરી જેથી ભારત સ્વસ્થ, આત્મનિર્ભર અને સમૃદ્ધ બની શકે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ગુજરાતમાંથી ઉભરી રહેલી કુદરતી ખેતીની આલહેર સમગ્રદેશ અને વિશ્વ માટે માર્ગદર્શક સાબિત થશે. આ તકે રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત તમામને પ્રાકૃતિક ખેતીને એકજન આંદોલન બનાવવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. આ પ્રસંગે ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ, ઈફકો અને ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીએ કહ્યું કે, આજે, જ્યારે રાસાયણિકખેતીની પર્યાવરણ, લોકો અને પ્રાણીઓ પર થતી પ્રતિકૂળ અસરો વિશ્વભરમાં સ્પષ્ટપણે દેખાય છે, ત્યારે પ્રાકૃતિક ખેતી એ માનવતા, સ્વાસ્થ્ય અને જમીનને સુરક્ષિત રાખવાનો એકમાત્ર સલામત માર્ગ છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો વધુ પડતો ઉપયોગ ન માત્ર જમીનની ફળદ્રુપતાને જ ઘટાડે છે, પરંતુ કેન્સર જેવા ગંભીર રોગો પણ ઝડપથી ફેલાવે છે. તેમણે એવાવિસ્તારોનું ઉદાહરણ આપ્યું જ્યાં શાકભાજીના ઉત્પાદનમાં વધુ પડતા રાસાયણિક ખાતરોનો ઉપયોગ થાય છે, જ્યાં કેન્સરના કેસોની સંખ્યા વધુ જોવા મળી છે. તેમણે એમ પણ કહ્યુંકે, સરકારને યુરિયા જેવા ખાતરોની ખરીદી કરવા માટે કરોડો રૂપિયા ખર્ચ થાય છે, જ્યારે તેની પ્રતિકૂળ અસરો ભાવિ પેઢીઓના સ્વાસ્થ્ય અને પર્યાવરણને અસર કરીરહી છે.

પ્રાકૃતિક ખેતી માત્ર જમીનની ફળદ્રુપતા, આરોગ્ય અને પર્યાવરણનું રક્ષણ જ નહીં, પરંતુ ખેડૂતોની આવક અને સમાજની સમૃદ્ધિ પણ સુનિશ્ચિત કરશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આત્માના નિયામક શ્રી સંકેત જોશીએ સ્વાગત પ્રવચન કરીને કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના કાર્યકારી નિયામક શ્રી સી.એમ. પટેલે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકો, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્માના વિસ્તરણ કાર્યકરો, અધિકારીઓ, અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લાના કૃષિ સખી, કિસાન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

વિજ્યાદશમીના પાવન અવસરે સુરત પોલીસ હેડ્ક્વાર્ટ્ર ખાતે શસ્ત્ર પૂજા કરતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

નવરાત્રીમાં 'મા અંબા'ની આરાધના સાથે સાથે ઓપરેશન સિંદૂરની શક્તિના દર્શન થયાઃ ગૃહ રાજ્યમંત્રી

કમલમ્, સુરત

ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ વિજયાદશમીના પાવન અવસરે સુરત શહેરના પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ જવાનો સાથે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શસ્ત્રપૂજન કર્યું હતું. ગૃહરાજ્યમંત્રીશ્રીએ રાજ્યના નાગરિકો, સૌ સુરક્ષા કર્મીઓને વિજયાદશમીની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે, દશેરા એટલે અસત્ય પર સત્ય, આસુરી વૃત્તિઓ પર દૈવી શક્તિનું વિજય પર્વ છે. વિજયાદશમીના દિવસે 'શસ્ત્ર પૂજન' કરવાની પૌરાણિક પરંપરા આપણી સમૃદ્ધ અને દિવ્ય સાંસ્કૃતિક ભવ્યતાને ઉજાગર કરે છે. આ વર્ષે નવરાત્રીમાં 'મા અંબા'ની આરાધના સાથે સાથે ઓપરેશન સિંદૂરની શક્તિના દર્શન થયા છે એમ જણાવતા ગૃહમંત્રીએ કહ્યું હતું કે, નવરાત્રીના ઉત્સવે નાના વેપારી સાથે ઉદ્યોગકારોને પણ રોજગારીની નવી તકો મળી છે. નવરાત્રીપર્વ સ્વદેશી ઉત્પાદનોના ખરીદ વેચાણ થકી આત્મનિર્ભરતા અને વોકલ ફોર લોકલનું પ્લેટફોર્મ પણ બન્યું છે. ગૃહમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, રાજ્યના નાગરિકોની સુરક્ષામાટે ગુજરાતપોલીસે તહેવારોની ઉજવણીનો ત્યાગ કર્યો છે. રાજ્યના લોકોની રક્ષા, સમાજ સુરક્ષામાટે પોલીસદળની કર્તવ્યપરાયણતાને બિરદાવી હતી. રાજ્ય સરકારના સંકલિત પ્રયાસો અને ગૃહવિભાગની સજાગ કામગીરી દ્વારા આ વર્ષે નવરાત્રીના પર્વે ભક્તિ, સુરક્ષા અને વ્યવસાય તેમજ રાષ્ટ્રવાદ, ભારતીય સેનાના પરાક્રમ એમ બહુવિધ પાયાઓ પર ઉત્સવની ઉજવણી થતી જોવા મળી છે. આ પ્રસંગે પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલૌત, એડિશનલ DG વાબાંગ ઝમીર, જોઈન્ટ પોલીસ કમિશનર (ટ્રાફિક) રાઘવેન્દ્ર વત્સ, DCP ભક્તિબા ડાભી સહિત તમામ ડી.સી.પી., એ.સી.પી શ્રીઓ અને પોલીસકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.